**વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન એ. ગુના રજી. નં.૧૧૧૯૨૦૬૧૨૬૦૧૫૦/૨૦૨૬, બી.એન.એસ.એસ.ની કલમ – ૬૫(એ)(એ), ૧૧૬, ૯૮(બી) મુજબનાં કામે અરજદાર : ભોજાણી જલારામ નારણભાઈ, રહેવાસી.જુની મીલની ચાલી રોડ, મીલ રોડ, તા.વીરમગામ જી.અમદાવાદ વાળાની મુદ્દામાલ : હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર રજી.નં.જીજે. ૩૮ સી ૫૬૮૫ વાહન પરત મેળવવાની અરજી લગત હુકમ. ...**

---

(૧) આ કામે અરજદાર તરફે હાલની આ અરજી ભારતીય નાગરીક સંહીતાની કલમ ૪૯૭ હેઠળ વિરમગામ ટાઉન પો.સ્ટે. ઉપરોકત ગુનાના કામે મુદામાલ તરીકે કબજે કરેલ : હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર રજી.નં.જીજે. ૩૮ સી ૫૬૮૫ વાહન પરત મેળવવા કરેલ છે. અરજદાર તરફે અરજી સાથે સોગંદનામું રજુ થયેલ છે, જે વંચાણે લીધું. અરજદાર તરફે વિ.વ.શ્રી ને તથા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) અરજદારની અરજીની હકીકત વંચાણે લેતા, અરજદારની સ્વતંત્ર, માલીકી, કબજા, ભોગવટાનો મુદ્દામાલ વિરમગામ ટાઉન પોલીસે ઉપરોકત ગુનાનાં કામે આરોપી/અરજદાર પાસેથી કબજે લીધેલ છે. સદરહુ મુદ્દામાલ અરજદારની માલીકીનો છે તથા તેના સમર્થનમાં અરજદાર તરફે મુદ્દામાલ વાહનની આર.સી.બુકની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે, તેમજ અરજદાર તરફેની રજુઆત ધ્યાને લેતા, સદરહુ મુદ્દામાલ વાહનની રોજ બરોજનાં મજુરી–ધંધાના કામમાં અત્યંત જરુરીયાત રહે છે. હાલમાં સદરહુ મુદ્દામાલ બિનવપરાશી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેમાં યાંત્રિક ખામી ઉભી થાય તથા તેના સ્પેરપાર્ટસને કાટ લાગી જવાથી નુકશાન થાય તેમ છે અને તેમને આર્થિક નુકશાની સહન કરવી પડે તેમ છે. તેથી વચગાળાની કસ્ટડી તરીકે પરત અપાવવા રજુઆત કરેલ છે.

(૩) સદર કામે વિ.એ.પી.પી.શ્રીનો શેરો ધ્યાને લીધો અને સદર કામે ગુનાની ગં ભીરતા અને સજાની જોગવાઈને ધ્યાને લેતા અરજદાર/આરોપી એ માંગેલ મુદામાલ પરત ન સોં પવામા આવે તેમ જણાવેલ છે. સદર કામે અરજદાર/આરોપી તરફે મુદામાલ વાહનની આર.સી.બુકની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે, જે વંચાણે લેતા, સદરહુ મુદ્દામાલ હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર રજી.નં.જીજે. ૩૮ સી ૫૬૮૫ વાહન છે. જેના ચેચીસ નં. ME4JC65AAJ7005505 છે તથા એન્જીન નં. JC65E72008722 છે. જે હાલનાં અરજદારનાં નામે આર.ટી.ઓ. કચેરી બાવળા (અમદાવાદ ગ્રામ્ય) ખાતે નોંધાયેલ છે. જેથી પ્રથમદર્શનીય રીતે અરજદાર પોતે સદર મુદામાલ : હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર રજી.નં.જીજે. ૩૮ સી

પ૬૮૫ ના માલીક હોવાનું માની શકાય તેમ છે. વધુમાં અરજદારે પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ, વિમા પોલીસની ઝેરોક્ષ તથા એફ.આઈ.આર. ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જે વંચાણે લીધેલ છે.

(૪) સદર કામે આંક-૪ થી રજુ થયેલ પોલીસ અભિપ્રાય વંચાણે લેવામાં આવે તો, સદરહું મુદામાલ અરજદાર/આરોપી ભોજાણી જલારામ નારણભાઈ, રહેવાસી.જુની મીલની ચાલી રોડ, મીલ રોડ, તા.વીરમગામ જી.અમદાવાદ વાળા પાસેથી કબજે લેવામાં આવેલ છે. સદર વાહન અરજદારને સોંપવામા આવે તો સદર વાહન મુદામાલ વાહનનો ફરીથી આવા ગુનાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરી શકે તેમ હોય પરત સોંપવામા ન આવે તેમ અભિપ્રાય આપેલ છે. સાથે પંચનામાની અને મુદામાલ પાવતીની નકલ રજુ કરેલ છે.

(૫) આમ, બંને પક્ષોની રજુઆત તથા પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા, હાલનો ગુનો પ્રોહી એકટ- ૬૫(એ)(એ) વિગેરે હેઠળ નોંધાયેલ છે તથા પકડાયેલ પ્રોહી મુદામાલ ૨૦ લીટર કરતા ઓછો હોવાનું અભીપ્રાય મુજબ જણાય છે. તપાસ કરનાર અમલદાર ધ્વારા આ કામે હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર રજી.નં.જીજે. ૩૮ સી પ૬૮૫ વાહન ની આ ગુનાના આરોપી ભોજાણી જલારામ નારણભાઈ, રહેવાસી.જુની મીલની ચાલી રોડ, મીલ રોડ, તા.વીરમગામ જી.અમદાવાદ વાળા પાસેથી કબજે કરેલ છે. તેમજ અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લ ેતા અરજદાર આ કામે કબજે કરેલ વાહનના માલીક હોવાનું જણાઈ આવે છે. સદર કામે અરજદાર તરફે મુદામાલ વાહનની આર.સી.બુકની નકલ તથા વીમા પોલીસીની નકલ રજુ થયેલ છે, જે વં ચાણે લેતા, સદરહુ મુદ્દામાલ હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર રજી.નં.જીજે. ૩૮ સી પ૬૮૫ જેના ચેચીસ નં. ME4JC65AAJ7005505, એન્જીન નં. JC65E72008722 છે. જે હાલનાં અરજદારનાં નામે આર.ટી.ઓ. કચેરી બાવળા (અમદાવાદ ગ્રામ્ય)માં નોંધાયેલ છે. જેથી પ્ર થમદર્શનીય રીતે અરજદાર પોતે સદર મુદામાલ : હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર રજી.નં.જીજે. ૩૮ સી પ૬૮૫ ના માલીક હોવાનું માની શકાય તેમ છે. વધુમાં અરજદારે પોતાના આધારકાર્ડની ઝેરોક્ષ તથા એફ.આઈ.આર. ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જે વંચાણે લીધેલ છે. અને સદર મુદામાલ વાહન આ કામના અરજદારના નામે હોવાનુ જણાઈ આવે છે. સદર કામે આરોપી ભોજાણી જલારામ નારણભાઈની નો કલેઈમ પુરસીસ રજુ છે જેમા આરોપીએ જણાવેલ છે કે મુદામાલ વાહન અરજદારને આપવામા આવે તો આરોપીને કોઈ વાંધો કે તકરાર નથી અને ભવિષ્યમાં કોઈપણ જાતનો કલેઈમ કરીશુ નહી. વધુમાં તપાસ કરનાર અમલદાર સદરહું વાહન હવે તપાસ અર્થે જરુર હોય તેવું જણાવેલ નથી. તેથી હવે વાહનની તપાસ અર્થે જરુરીયાત રહેતી હોવાનું જણાઈ આવતુ નથી. તેથી અરજદાર હાલના તબકકે વચગાળાની

કસ્ટડીએ મુદામાલ વાહન મેળવવા હકકદાર હોવાનું જણાઈ આવે છે.

**(૬)** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં ૨૦૦૨(૮) સુપ્રિમ ટુ–ડે પાના નં.પ૨પ નાં ચુકાદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લઈએ તો મુદ્દામાલ વાહનની તપાસનાં કામે જરૂર ન હોય તો પોલીસ કસ્ટડીમાં રાખવું ન જોઈએ. તેથી આવા સંજોગોને ધ્યાને રાખી સદર મુદ્દામાલ આ કામનાં અરજદારને શરતોને આધીન પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ સિધ્ધ થાય તેમ છે અને અરજીમાં જણાવેલ કારણોથી અરજદારને થતું નુકશાન અટકાવી શકાય તેમ છે. આ સંજોગોમાં મુદ્દામાલ અરજદારને પરત સોંપવાનું ઉચિત જણાતું હોય ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**(૧)** અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

**(૨)** વિરમગામ રૂરલ પો. સ્ટે. એ. ગુના રજી. નં. ૧૧૧૯૨૦૬૧૨૬૦૧૫૦/૨૦૨૬, બી.એન.એસ.એસ.ની કલમ – ૬૫(એ)(એ), ૧૧૬, ૯૮(બી) મુજબના ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ : હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર રજી.નં.જીજે. ૩૮ સી ૫૬૮૫ આ કામના અરજદાર : ભોજાણી જલારામ નારણભાઈ, રહેવાસી.જુની મીલની ચાલી રોડ, મીલ રોડ, તા.વીરમગામ જી.અમદાવાદ વાળાને મુદ્દામાલની કિંમતનાં દોઢ ી રકમનાં બોન્ડ રૂા.૧૦૦/– નાં નોન–જ્યુડીશ્યલ સ્ટેમ્પ પેપર ઉપર રજુ કરી આપ્યેથી વચગાળાની કસ્ટડીમાં નીચેની શરતોને આધીન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો :–</u>**

**(એ)** સદરહુ મુદ્દામાલનો કોઈને વેંચાણ, ગીરો, ટ્રાન્સફરથી કે અન્ય રીતે તેનો નિકાલ કરવો નહીં કે તેના મુળ સ્વરૂપમાં ફેરફાર થાય તેવું કોઈ કૃત્ય અરજદારે જાતે કે અન્ય ધ્વારા કરવું કે કરાવવું નહીં.

**(બી)** આ કામનાં તપાસ કરનાર અમલદાર અથવા અદાલત જયાં અને જયારે જણાવે ત્યાં અને ત્યારે મુદ્દામાલ તેના મુળ સ્વરૂપ સ્થિતિમાં રજુ રાખવો.

**(સી)** સદર મુદ્દામાલનો ભવિષ્યમાં ગુનાહિત કામે ઉપયોગ ના થાય તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

(૩) અરજદારે હુકમ મુજબ બોન્ડ તથા જામીન સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા. આ અંગેના તમામ પેપર્સ મુળ કામમાં સાથે રાખવા.

(૪) તપાસ કરનાર અમલદારે સદર મુદામાલ વાહનનો કબજો સોંપતી વખતે સદર વાહનના બહારની બાજુના તેમજ વાહનની અંદરની બાજુના ફોટોગ્રાફસ લેવા તેમજ વીડીયોગ્રાફી કરી, અરજદારને વાહનનો કબજો સોંપવો.

(૫) આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવી.

(૬) તપાસ કરનાર અમલદારે વાહનનો કબજો સોંપ્યા અંગેની જાણ અત્રેની કોર્ટને કરવાની રહેશે.

હુકમ આજ તારીખ : ૧૦મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી જાહેર કર્યો.

મું.વિરમગામ
તા. ૧૦/૦૪/૨૦૨૬.

(ધનંજય જગદીશચંદ્ર વ્યાસ)
અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
વિરમગામ
Judge Code : GJ01263

MR.R.B.Bhaskar (P.A.)